અપીલ અરજી નં. ૫૫૮ તા.૧૬–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સી.જી.પરમાર
સામાવાળ :– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સી.જી.પરમારની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી મોરારજી વસાહતની બાજુમાં વાસણવાલા કમ્પાઉન્ડ ખાતે પ્લોટ નં.૨૩,૨૪ની પાછળ(પૂર્વમાં) ના પ્લોટમાનાં બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાં બાંધકામધારકને ગેરકાયદે બાંધકામ ન કરવા આપના વિભાગ ધ્વારા કડક સુચના આપવામાં આવેલ એવું આપના તા. ૧૩–૧૨–૧૧ના સા.વે.ઝોન/ટેક/૫૬૪ના પત્રથી જણાવેલ ત્યાર બાદ આજની તારીખે સદર બાંધકામની સ્થિતિ શું છે ? આપના વિભાગ ધ્વારા આજદિન સુધીમાં સદર મિલ્કતધારકને લેખિતમાં નોટીસ આપેલ હોય તો નોટીસની નકલ આપવી સદર બાંધકામવાળી મિલ્કતનો સર્વે નં., બ્લોક નં. અને ફા.પ્લોટ નં.ની માહિતી આપવી સદર પ્લોટના માલિકનું નામ, સરનામું આપવા વિનંતી સદર મિલ્કતના ભોયરાના બાંધકામ વખતે માટી ધસવાથી મજુરો દબાઈ જવાની હોનારત સર્જાયા બાદ સદર મિલ્કતધારક વિરુધ્ધ આપના વિભાગે શું કાર્યવાહી કરી તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૮/૨૦૧૧–૧૨

શ્રી સી.જી.પરમારની તા. ૨૩–૧૨–૧૧ની અરજીથી મોરારજી વસાહતની બાજુમાં વાસણવાલા કમ્પાઉન્ડ ખાતે પ્લોટ નં.૨૩,૨૪ની પાછળ(પૂર્વમાં) ના પ્લોટમાનાં બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાં બાંધકામધારકને ગેરકાયદે બાંધકામ ન કરવા આપના વિભાગ ધ્વારા કડક સુચના આપવામાં આવેલ એવું આપના તા. ૧૩–૧૨–૧૧ના સા.વે.ઝોન/ટેક/૫૬૪ના પત્રથી જણાવેલ ત્યાર બાદ આજની તારીખે સદર બાંધકામની સ્થિતિ શું છે ? આપના વિભાગ ધ્વારા આજદિન સુધીમાં સદર મિલ્કતધારકને લેખિતમાં નોટીસ આપેલ હોય તો નોટીસની નકલ આપવી સદર બાંધકામવાળી મિલ્કતનો સર્વે નં., બ્લોક નં. અને ફા. પ્લોટ નં.ની માહિતી આપવી સદર પ્લોટના માલિકનું નામ, સરનામું આપવા વિનંતી સદર મિલ્કતના ભોયરાના બાંધકામ વખતે માટી ધસવાથી મજુરો દબાઈ જવાની હોનારત સર્જાયા બાદ સદર મિલ્કતધારક વિરુધ્ધ આપના વિભાગે શું કાર્યવાહી કરી તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/આ.નં.૬૫૧ તા. ૧૦–૦૧–૧૨થી મળેલ માહિતી અધુરી, યોગ્ય ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ મિલ્કતનો સર્વે નં.,બ્લોક નં.,ફા.પ્લોટ નં.ની વિગત,નોટીસ અંગેની દફતરી વિગતો તથા મજૂરો દબાવા અંગેની હકીકતલક્ષી માહિતી સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૬૬ તા.૨૩–૧–૧૨ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને અધુરી, અયોગ્ય માહિતી માટે મુદ્દાવાર આધાર સહ નારાજગી સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન./ટેક/૭૪૦ તા.૬–૨–૧૨ થી પત્ર નં.સા.ઝોન/૬૦૯૪ તા.૭–૧–૧૨ થી આપેલ મનાઈ હુકમની નકલ, પત્ર નં.સા.ઝોન/૬૦૯૫ તા.૭–૧–૧૨ થી મેનેજર શ્રી કિરણ ડાઈંગ પ્રા.લી. ને આપેલ નોટીસની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક/૬૫૧ તા.૧૦–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધના ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/ટેક/ ૬૫૧ તા.૧૦–૧–૧૨ થી સમય અવધિમાં અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મોરારજી વસાહતની બાજુમાં વાસણવાલા કમ્પાઉન્ડ ખાતે પ્લોટ નં.૨૩,૨૪ ની પાછળ(પૂર્વમાં) ના પ્લોટમાનાં બાંધકામ બાબતે સરનામાવાળી મિલ્કતમાં બાંધકામધારકને ગેરકાયદે બાંધકામ ન કરવા આપના વિભાગ ધ્વારા કડક સુચના આપવામાં આવેલ એવું આપના તા. ૧૩–૧૨–૧૧ના સા.વે.ઝોન/ટેક/૫૬૪ના પત્રથી જણાવેલ ત્યાર બાદ આજની તારીખે સદર બાંધકામની સ્થિતિ શું છે ? આપના વિભાગ ધ્વારા આજદિન સુધીમાં સદર મિલ્કતધારકને લેખિતમાં નોટીસ આપેલ હોય તો નોટીસની નકલ આપવી સદર બાંધકામવાળી મિલ્કતનો સર્વે નં., બ્લોક નં. અને ફા.પ્લોટ નં.ની માહિતી આપવી સદર પ્લોટના માલિકનું નામ, સરનામું આપવા વિનંતી સદર મિલ્કતના ભોયરાના બાંધકામ વખતે માટી ઘસવાથી મજુરો દબાઈ જવાની હોનારત સર્જાયા બાદ સદર મિલ્કતધારક વિરુધ્ધ આપના વિભાગે શું કાર્યવાહી કરી તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામને ઉધનાઝોન કક્ષાએથી બંધ કરાવ્યા બાદ હાલમાં પણ બંધ હોવાનું સ્થળ તપાસ દરમ્યાન જણાયેલ છે. તેવુ જણાવેલ.

અરજદારે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/આ.નં.૬૫૧ તા. ૧૦–૦૧–૧૨ થી મળેલ માહિતી અધુરી, યોગ્ય ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૬–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. અપીલ તબકકે અરજદારે બાંધકામની સ્થિતી, નોટીસની નકલ, સર્વે નં. વિગેરેની સ્પષ્ટતા કે માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ.

અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૬૬ તા.૨૩–૧–૧૨ થી અધુરી, અયોગ્ય માહિતી માટે મુદ્દાવાર આધાર સહ નારાજગી સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ વિગતની સ્પષ્ટતા કરેલ નથી.

અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતધારકને લેખીતમાં નોટીસ આપેલ હોય તો તેની નકલ, બાંધકામવાળી મિલ્કતનો સર્વે નં. બ્લોક નં. અને ફા.પ્લોટ નંબરની માહિતી, સદર પ્લોટના માલિકનું નામ સરનામુ તથા સદર મિલકતના ભોંયરાના બાંધકામ વખતે માટી ધસવાથી મજુરો દબાઈ જવાની હોનારત સર્જાયાબાદ સદર મિલ્કતધારક વિરૂધ્ધ કરેલ કાર્યવાહીની વિગત પુરી પાડેલ જણાતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૬–૧–૧૨ ધ્યાને લેતાં ૧૪–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૯–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૩–૧૨–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી પૈકી મુળ અરજીના પરિપેક્ષ્યમાં જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે સર્વે નં., બ્લોક નં.,ફા.પ્લોટ નં., મિલ્કત માલીકની વિગત તથા નોટીસની નહીં પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા અથવા ઈન્કારનું કોઈ કારણ હોય તો તે જણાવવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સી.જી.પરમાર,